ન્યાય સંકુલમાં કોરોના ઘૂસ્યો

મોડાસા કોર્ટના ૩ જજ, માલપુર હાઈસ્કુલના ૨ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત

કોરોનાના વધતા કહેરથી સર્વત્ર દહેશત

બાયડ, માલપુર (બ્યુરો ઓફિસ) તા.૨૩ અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. મોડાસાના ન્યાય સંકુલમાં કોરોના ઘૂસ્યો છે. અરવલ્લી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ અને ચીફ જ્યુડીશીયલ જજ સહિત ૩ ન્યાયાધીશોને

કોરોના થતાં ૨ ન્યાયાધીશોને ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. અન્ય ૧ ન્યાયાધીશને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે માલપુરની પી.જી.મહેતા હાઈસ્કુલના વધુ ૨ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થયાનું બહાર આવ્યું છે.

સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા, માસ્કનો ઉપયોગ ન કરવો, રાજકીય મેળાવડામાં તંત્રના આંખ આડા કાન જેવી ગંભીર બેદરકારીના પરિણામો અરવલ્લીની ૧૦ લાખની માનવ વસતી ભોગવી રહી છે. શૈક્ષણિક સંકુલ, જેલ, દવાખાના, હોસ્પિટલ, બહુમાળી ભવન, તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, બેન્કો, એલ.આઈ.સી. કચેરી, નગરપાલિકા કચેરીમાં કોરોનાના દસ્તક પછી મંદિરના પૂંજારી સુધી કોરોનાના ડંખ જોવા મળ્યા. એકમાત્ર ન્યાય સંકુલ કોરોના ગ્રહણથી બાકાત હતું પરંતુ કોરોનાએ ન્યાય સંકુલને પણ સંક્રમિત કરી દીધું છે. મંગળવારે મોડાસાની કોર્ટના ૩ જજ કોરોના પોઝિટિવ હોવાની વિગતો સામે આવતાં કોર્ટ સંકુલ ફરજીયાત સેનેટાઈઝ કરવાની સાથે જજની સાથે નિકટતા કેળવનારા સ્ટાફના પણ રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આવનારા દિવસોમાં અરવલ્લી જિલ્લાના અનેક શહેરી વિસ્તારોમાં કોરોનાનું ભયાનક સ્વરૂપ બહાર આવી શકે છે. ગત રોજ માલપુરની પી.જી. મહેતા હાઈસ્કુલના ૩ વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થયાનું બહાર આવ્યા પછી મંગળવારે તાલુકા હેલ્થ અધિકારી યોગેશ ગોસ્વામી અને તેમની આરોગ્ય ટીમોએ ૯ વિદ્યાર્થીઓનો રેપિડ ટેસ્ટ કર્યો હતો. ૪૯૮ વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ કરાયું જેમાંથી વધુ ૨ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયાનું બહાર આવતાં શાળા સંચાલક મંડળ દ્વારા તા.૨૭ માર્ચ સુધી યોજાનારી તમામ પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય લીધો છે.

ભિક્ષુક ગૃહો-વૃદ્ધાશ્રમોમાં રહેનારને આધાર વગર પણ વેક્સિન મૂકાશે

સરકાર દ્વાર રસીકરણ સંદર્ભે મહત્વનો નિર્ણય : ગુજરાતમાં કોરોના રસીકરણની સઘન કામગીરી, અત્યાર સુધીમાં ૩૨૭૪૪૯૩ લોકોનું પ્રથમ ડોઝનું રસીકરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં આવેલા ભિક્ષુક ગૃહો, વૃદ્ધાશ્રમો તથા દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓમાં રહેતા ૪૫ વર્ષથી વધુની વયના અને કો-મોર્બિડ અને અન્ય ગંભીર બિમારી ધરાવતા વ્યક્તિઓનું કોવિડ-૧૯ રસીકરણ અન્વયે આધાર કાર્ડના પૂરાવા વગર પણ રસીકરણ કરવામાં આવશે. સીએમ રૂપાણીએ આવી સંસ્થાઓમાં વસવાટ કરતા ૬૦ વર્ષથી વધુની વયના વયસ્ક વડીલોને પણ આધારકાર્ડ ન હોય તો પણ વેકસીન આપવાનો નિર્ણય કર્યો છે.

કોરોના કેસ વધતા કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને કોરોના રસીકરણ અભિયાન ઝડપી બનાવવા આદેશ આપવામાં આવ્યો છે, ત્યારે ગુજરાતમાં કોરોના રસીકરણની સતત સઘન કામગીરી ચાલી રહી છે. આજે કુલ ૨,૩૨,૮૩૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. હજુ સુધીમાં કુલ ૩૨,૭૪,૪૯૩ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૦૩,૬૯૩ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ કરાયું છે. આમ ૩૮,૭૮,૧૮૬ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૨૨,૧૮૬ વ્યક્તિઓનું રસીકરણ કરાયું છે.

ગુજરાતમાં ચૂંટણી બાદ ફરી કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈ કાલે ૧૫૦૦થી વધુ કેસ નોંધાયા હતા ત્યારે આજે છેલ્લા ૨૪ કલાકમાં તેનાથી વધુ ૧૬૪૦ કેસ નોંધાયા છે. આ સાથે ૪ દર્દીઓના મોત સાથે મૃત્યું આંક ૪૪૫૪ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસમાં સૌથી વધારે અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૪૮૧ કેસ જ્યારે સુરત કોર્પોરેશન વિસ્તારમાંમાં ૪૨૯ કેસ નોંધાયા છે. આ સિવાય વડોદાર ૧૩૯, રાજકોટ ૧૨૬, સુરત જિલ્લામાં ૫૪ અને ખેડામાં ૪૧ જેટલા નવા કોરોના કેસ નોંધાયા છે.

મૃત્યુની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં ૪ કોરના દર્દીઓના મોત થયા છે. જેમાં ૨ અમદાવાદ અને ૨ સુરતના દર્દીઓ છે. આમ આજના ૪ મોત સાથે કોરોનાથી રાજ્યમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૪૪૫૪ સુધી પહોંચી ગઈ છે. હાલમાં રાજ્યમાં કુલ ૭૮૪૭ એક્ટિવ કેસ છે. જેમાં વેન્ટીલેટર પર ૭૩ અને સ્ટેબલ ૭૭૭૪ દર્દીઓ છે.

સમાચાર રફ્તાર

- ગૃહ મંત્રાલય દ્વારા ઉત્તરપ્રદેશના ત્રણ આઈપીએસને ફરજીયાત નિવૃત્ત કરાયા.
- કેન્દ્ર સરકારની નવી માર્ગદર્શિકા મુજબ સ્થાનિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી શહેર, વોર્ડ કે તાલુકા કક્ષાએ રાજ્ય સરકાર પ્રતિબંધો લાદી શકે છે.
- વધુ બે ધારાસભ્યો કોંગ્રેસના પુંજાભાઈ વંશ અને નૌસાદ સોલંકી કોરોનાથી સંક્રમિત થયા.
- પોળોના જંગલમાં ૨૭ મીથી ૪ એપ્રિલ સુધી પ્રવેશ પર પ્રતિબંધ.
- પ્રદેશ ભાજપના પૂર્વ પ્રવક્તા પ્રશાત વાળા કોરોનાથી સંક્રમિત.
- રાજ્યના પુરવઠા મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની તબીયત લથડતા યુ.એન. મહેતામાં દાખલ કરાયા.
- અમદાવાદ-મુંબઈની મોટાભાગની ફ્લાઈટ ખાલીખમ.
- અમદાવાદ-ગાંધીનગર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં કાળઝાળ ગરમી પડશે.
- સીબીએસસીના ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ કેન્દ્ર બદલી શકશે.
- સ્વામિનારાયણ અને વૈષ્ણવ હવેલી અને ઈસ્કોન મંદિરમાં હોળી-ધુળેટીની ઉજવણી મોકુફ.
- પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ લાવવા મુદ્દે આગામી જીએસટી કાઉન્સિલમાં વિચારણા કરાશે.
- તેલંગાણાના મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના કર્મચારીઓને ૩૦ ટકાનો પગાર વધારો કરી આપ્યો અને નિવૃતિવય ૬૧ વર્ષની કરી આપી.
- સુરત સિવિલ હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું કોરોનાથી મૃત્યુ.
- છત્તીસગઢમાં નક્સલી હુમલામાં ત્રણ જવાન સહીદ, ૨૦ ઘાયલ.
- ઋષિકેશના પ્રવાસે ગયેલા ગુજરાતના ૨૨ પ્રવાસી કોરોના પોઝીટીવ.

પ્રાંતિજના વાધપુર સાબરમતી નદીમાથી ખાન ખનીજ વિભાગ અને જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન

વાધપુર સાબરમતી નદીમાંથી રેડ કરી ખનીજ ચોરી કરતા ૨૨ ટ્રેકટરો ઝડપી પાડયા : રેડ દરમિયાન ઝપાઝપીના દંશ્યો સર્જાયા : જિલ્લા એસપી, જિલ્લા એલસીબી સહિત પ્રાંતિજ પોલીસ દ્વારા મોટુ ઓપરેશન પાર પાડયુ

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાધપુર ખાતે આવેલ સાબરમતી નદી મા ખાન ખનીજ વિભાગ તથા જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથધરી નદીમાંથી બીન અધિકૃત ખનીજ ચોરી કરતા ૨૨ જેટલા ટ્રકટરો ને ઝડપી પાડયા હતા અને તેમણી વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ સાબરમતી નદી મા રેતી ચોરી નુ મોટુ કૌભાંડ ચાલી રહ્યુ છે અને અનેકવાર આજુબાજુના ગામજનો દ્વારા રજુઆતો કરવામા આવી રહી હતી જેને લઈ ને આજે ખાનખનીજ વિમાગ અને જીલ્લા પોલીસ ટીમ દ્વારા પ્રાંતિજ ના વાધપુર ખાતે આવેલ સાબરમતી નદી મા સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ અને સાબરમતી નદીમા એકદમ ઓચીતી રેડ થતા ટ્રકટર ચાલકો ટેકટર લઈ ને ભાગ્યા હતા અને ખાનખનીજ વિભાગ અને એલસીબી સાથે ખનીજ માફિયાઓ દ્વારા ઝપાઝપી પણ સર્જાઈ હતી અને ટેકટર ચાલકો ટ્રકટર લઈ ભાગ્યા હતા ત્યારે એક ટેકટર ભાગવા જતા પલ્ટી ખાઈ ગયુ હતુ તો જિલ્લા એસપી નિરજ કુમાર બડગૂજર , ખાનખનીજ વિભાગ ના અધિકારી સુષાષભાઈ જોષી , એલસીબી પીઆઈ એમ.ડી.ચંપાવત , પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલા સહિત નો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી ને ખનીજ ચોરી કરી રહેલ - ૨૨ જેટલા ટેકટરો ને ઝડપી પાડયા હતા અને તેમણી વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી અને બધા ટેકટરો ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લાવવામા આવ્યા હતા ત્યારે પોલીસ ની રેડ થતા કેટલાય ભૂમાફિયાઓ ભુગર્ભ મા ઉતરી ગયા હતા.

બાયડ પાલિકામાં સ્વચ્છતા અભિયાન તેજ બનશે

મચ્છરોના ઉપદ્રવને નાથવા પાઉડરનો છંટકાવ થયો

બાયડ તા.૨૩

બાયડ પાલિકામાં સ્વચ્છતા અભિયાનને તેજ બનાવવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી મચ્છરોનો ઉપદ્રવ વધતાં પાલિકાના એસ.આઈ. મારફતે સફાઈ કર્મીઓએ બાયડના અનેક વિસ્તારોને આવરી લઈ પાઉડરનો છંટકાવ કર્યો છે. મચ્છરોનો ઉપદ્રવ રોગચાળાને નોંતરે નહીં તે માટે તમામ રહીશોને ગંદાં પાણી ઘરની બહાર ન ઠાલવવા અપીલ કરવામાં આવી છે.

પાલિકામાં ભાજપે સત્તા સંભાળ્યા પછી હોદ્દેદારોએ કામગીરી શરૂ કરી છે. બાયડ પાલિકા દ્વારા બાયડ ઉપરાંત પાલિકામાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ખુલ્લી ગટરો જે ગંદકીથી ખદબદતી હતી તેમાં સફાઈ અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે. બાયડ ગામ, જૂના બસ સ્ટેશન, બસ સ્ટેશન વિસ્તારમાં જાહેરમાં કચરો ફેંકતા વેપારીઓને ખાસ કરીને ડસ્ટબીનમાં

કચરો નાખવા માટે અપીલ કરવામાં આવી છે. મંગળવારથી બાયડના બસ સ્ટેશન વિસ્તાર, ચોઈલા રોડ, જૂના બસ સ્ટેશન વિસ્તાર, બાયડ ગામ સહિતના વિસ્તારોમાં પાઉડરનો છંટકાવ કરી કીટનાશક કામગીરીને વેગવંતી બનાવવામાં આવી છે. આવનારા દિવસોમાં બાયડ સમગ્ર અરવલ્લી જિલ્લાનું સ્વચ્છ શહેર બની રહે તેવા પ્રયાસ કરવામાં આવશે તેવું બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોનીએ જણાવ્યું છે.

પ્રાંતિજના વદરાડ પાસે આઈવા ચાલકે બાઈકસવારને અડફેટે લેતા ચાલકનુ મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડથી તલોદ જતા હાઈવે રોડ ઉપર એક આઈવા ચાલકે બાઈક ચાલકને સામેથી અડફેટે લઈ ઘટના સ્થળે મોત નિપજાવી ભાગીજતા પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજના વદરાડ ખાતે રહેતા શાંમળજી અંદરજી મકવાણા તેમના બાઈક જી.જે.૦૯.સી.એફ ૪૮૯૬ ઉપર ઘરે આવતા હતા તે દરમિયાન વદરાડ ગામથી તલોદ રોડ ઉપર એક આઈવા ટ્રક નંબર-જી.જે.૩૧.ટી.૦૪૭૦ ફુલ ફાસ્ટ ઝડપે અને બેદરાકારી રીતે રોગ સાઈડમા હંકારી લાવી બાઈક ઉપર સાઈડ મા સામે આવતા શાંમળજી અંદરજી મકવાણા ને ટક્કર મારી તેવો બાઈક સાથે નીચે પાડી દીધા હતા અને બાઈક સવાર ને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચતા બાઈક સવાર નુ ઘટના સ્થળે મોત નિપજયુ હતુ તો આઈવા ચાલક સ્થળ ઉપર ટ્રક મુકી ને ભાગી ગયો હતો તો આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ મા પ્રહલાજી બાપુજી પરમાર દ્વારા કરતા પ્રાંતિજ પોલીસે ભાગી જનાર આઈવા ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લીની ૧૦ હજાર દિકરીઓને સરગવાનો જ્યુસ અપાયો

સંકલિત બાળ વિકાસ શાખા, અરવલ્લી દ્વારા પોષણ પખવાડીયા ઉજવણીના ભાગરૂપે સરગવાના જ્યુસનું નિર્દેશન અને વિતરણ કરવામાં આવ્યું. અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, મેઘરજ અને માલપુર તાલુકાની દરેક આંગણવાડી કેન્દ્રો ઉપર જ્યુસ બનાવી કુલ-૯૭૫૭ દિકરીઓને જ્યુસ આપવામાં આવ્યો હતો.

ધોલવાણી રેન્જના વન કર્મીઓની દાદાગીરી

બે આદિવાસી યુવાનોને ફટકારી સૃષ્ટી વિરૂદ્ધના કૃત્યની ધમકી

ભીલીસ્તાન ટાઈગર સેનાએ કલેક્ટરને આવેદનપત્ર આપતાં મામલો ગરમાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં જમીન મુદ્દે વન વિભાગ અને આદિવાસીઓ વચ્ચે ઘર્ષણના

બનાવ બનતા આવ્યા છે. ત્યારે વિજયનગર તાલુકાના ખારીબેડી ગામે જમીનમાં પિલ્લર નાખવા મુદ્દે ધોલવાણી રેન્જના ૫ જેટલા વન કર્મીઓએ ૨ આદિવાસી યુવાનોને ફટકારી સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચરવાની ધમકી આપતાં આદિવાસી સમાજમાં રોષ વ્યાપ્યો છે. ભીલીસ્તાન ટાઈગર સેનાએ મંગળવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયિક તપાસની માંગ કરી કસૂરવાર વન કર્મીઓ સામે પગલાં ભરવા અનુરોધ કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખારીબેડી ગામના સરદાર બદાભાઈ રાયણીયાને ધોલવાણી રેન્જના ૫ જેટલા વન કર્મીઓએ પરોસડા પંચાયતની હદમાંથી ગેરકાયદે અપહરણ કરીને માર માર્યો હતો અને સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચરવાની ધમકી આપી હતી ત્યારે અન્ય આદિવાસી યુવાન દીતા હીરાભાઈ ગમારને બોલાવો તેમ કહીને તેને પણ બોલાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે તા.૧૪ માર્ચના રોજ વિજયનગર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવા છતાં પોલીસે ફરિયાદ લીધી ન હતી. છેવટે જિલ્લા પોલીસ વડા સાબરકાંઠાને ફરિયાદ કરવા છતાં પણ આદિવાસી યુવાનોને મારવાના પ્રકરણમાં કોઈ પગલાં ન ભરાતાં છેવટે ભીલીસ્તાન ટાઈગર સેનાના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી દોષિત વન કર્મીઓ સામે પગલાં ભરવાની માંગ કરી છે. યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આવનારા દિવસોમાં વધુ ઉગ્ર કાર્યક્રમ આપવાની ચીમકી આપવામાં આવી છે.

પાલનપુર તાલુકા પોલીસ મથકના મુદ્દામાલમાં લાગી આગ

પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પડેલા મુદ્દામાલમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં અચાનક આગ લાગી હતી. પોલીસે કબજે કરેલી ગાડીઓમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. જેને પગલે દોડધામ મચી ગઈ હતી. અચાનક લાગેલી આગમાં સરકારી મુદ્દામાલની બે ગાડીઓ પણ આગની લપેટમાં આવી ગઈ હતી. જોકે, પોલીસ સ્ટેશનમાં રહેલા મુદ્દામાલનો ઘણા સમયથી નિકાલ થતો નથી. ત્યારે આગ લાગવાની ઘટના ઘટતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પાલનપુર પશ્ચિમ અને પાલનપુર તાલુકા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાદમાં ફાયર ફાઈટરોએ આવી આગ પર કાબુ મેળવ્યો હતો.

વધુ દાવેદારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપમાં યુવા ઉમેદવારો ઉપરાંત મહિલા ઉમેદવારોએ પણ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. આજની આ રજુઆતો માટે સામાજિક, આગેવાનો, વેપારી આગેવાનો પણ સક્રિય બનીને આવ્યા હતા. જુદા જુદા સંગઠનોના નેતાઓ મોટી સંખ્યામાં દેખાયા હતા.

બપોરે લગભગ બે વાગ્યાની આસપાસ નિરીક્ષકો દ્વારા રિસેષ રાખવામાં આવી હતી જો કે રજુઆતોનો સિલસિલો મોડી સાંજ સુધી ચાલ્યો હતો.

શહેરમાં આજે કેટલાક આગેવાનોએ બે-બે વોર્ડમાં દાવેદારી કરી હોવાનું પણ જાણવા મળેલ છે. આ ઉપરાંત દાવેદારીનો પક્ષ મજબુતાઈ સાથે રજુ કરવા માટે કેટલાક અમદાવાદના આગેવાનો પણ ગાંધીનગરમાં રજુઆતોના સ્થળે જોવા મળ્યા હતા.

શહેરમાં આજે રજુઆતો સાંભળ્યા બાદ આગામી બે-ત્રણ દિવસમાં નિરીક્ષકો તેમનો અહેવાલ તૈયાર કરી અને પ્રદેશ એકમને સુપ્રત કરશે. પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાજપ દ્વારા હવે ૨૯મીની આસપાસ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોના વોર્ડમાં પણ વધારે દાવેદારો ધાર્યા કરતાં નોંધાયા છે.

કોંગ્રેસ દ્વારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસના નીરીક્ષકો તરીકે ડૉ. જીતેન્દ્રભાઈ પટેલ, જયરાજસિંહ પરમાર, વંદનાબેન પટેલ અને સંજયભાઈ અમરાણીની પક્ષ દ્વારા નિયુક્તી કરવામાં આવેલી છે.

આ નીરીક્ષકો પેનલ બનાવી અને પ્રદેશ સમિતિને આપશે અને ઉમેદવારોની યાદીને પ્રદેશ સમિતિ દ્વારા આખરી મંજૂરી આપવામાં આવશે.

દરમ્યાન પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ આ જંગના બે મુખ્ય પ્રશ્નો દ્વારા હોળી બાદ જ ઉમેદવારોની યાદી જાહેર થશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા કદાચ બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર થશે તેમ મનાઈ રહ્યુ છે. હાલ તો મનપાની ચૂંટણીને લઈ શહેરનું રાજકીય વાતાવરણ ગરમાયેલુ જોવા મળી રહ્યુ છે.

ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠક વ્યવસ્થા સહીત બિન ઉપયોગી એ સી પ્લાન્ટ સહીતની વ્યવસ્થા ખોરવાતા શ્રોતાઓ કંટાળી ગયા હતા. છેલ્લા ત્રણ વર્ષથી ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ માત્ર કાગળ પર ફરતો રહેતા હજુ સુધી હોલના રીનોવેશનની કામગીરી થઈ શકી નથી જયારે બજેટમાં પણ ટાઉનહોલના રીનોવેશન માટે અંદાજિત રૂ ૧૬ કરોડનો ખર્ચ ફાળવવામાં આવ્યો છે. જે અન્વયે ટાઉનહોલને અદ્યતન અને સુવિધાસભર બનાવવા માટે પ્લાન તૈયાર કરી દેવાયો છે. આધુનિક સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈટીંગ અને આરામદાયક બેઠક વ્યવસ્થા સહીત ગ્રીનરૂમ અને બગીચાનુ પણ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ ટેન્ડર મંજુરીના અંતે કામગીરી પણ શરૂ કરી દેવાશે. જેમાં ઈલેક્ટ્રીફિકેશન તેમજ અસરકારક એ સી પ્લાન્ટનુ પણ નવિનીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત કાર્પેટ તેમજ સ્ટેજ કર્ટેઈન સહીતની આધુનિક સુવિધા સાથે ટાઉનહોલ રીનોવેશનના અંતે નવા રૂપરંગમાં જોવા મળશે.

બેઠક મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં નવા વિકાસ કામોના આયોજન તેમજ અન્ય બાબતો પર વિચારણા થશે.

મળતી વિગતો પ્રમાણે બજેટ બેઠકમાં બજેટ ઉપરાંત વિકાસ કામોની પ્રગતિ અંગેનો અહેવાલ પણ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત તાલુકામાં ૧૫ મા નાણાં પંચ અંતર્ગત હાથ ધરવાના થતા કામોમાં વહીવટીય મંજૂરીમાં વિલંબ ના થાય તે જોવા તેમજ આ કામો ઝડપથી હાથ ધરવા માટે પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

૧૭૩૦ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૮૩૧૮ કોરોનાના એક્ટિવ કેસ છે. ૭૬ લોકો વેન્ટિલેટર પર છે. ૭૨૪૨ લોકો સ્ટેબલ છે. ૨,૭૭,૬૦૩ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૫૮ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનનાં ૨ અને સુરત કોર્પોરેશનનાં ૨ સહિત કુલ ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે.

રિક્ષાને ટક્કર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારે બસ મુરેનાથી ગ્વાલિયર તરફ આવી રહી હતી. અકસ્માત આનંદપુર ટ્રસ્ટ હોસ્પિટલની સામે સર્જાયો હતો. ૧૨ મહિલાઓ બે ઓટો રિક્ષામાં સવાર થઈને જઈ રહી હતી, પરંતુ એક ઓટો રિક્ષા રસ્તામાં ખરાબ થઈ ગઈ હતી માટે તેમાં બેઠેલી મહિલાઓને બીજી ઓટો રિક્ષામાં બેસાડી દેવામાં આવી હતી. જે પુરપાટ ઝડપે આવી રહેલી બસનો ભોગ બની હતી.

આ અકસ્માતના પગલે સ્થાનિકો ભારોભાર રોષે ભરાયા હતાં. રોષે ભરાયેલા લોકોએ રસ્તો જામ કરી દીધો હતો. ઘટનાની જાણકારી મળતા જ તમામ ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતાં અને સ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમરે કહ્યું હતું કે, તમામ મહિલાઓ શાળાના બાળકો માટે ભોજન બનાવવા જઈ રહી હતી. મળતી માહિતી મુજબ ટક્કર એટલી ભીષણ હતી કે રિક્ષાના ફૂરચા ઉડી ગયા. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયા સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાય અપાશે. તેમણે ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું હતું.